# ઉત્તરાખંડમાં હજુ ૧૧૬૦૦ શ્રદ્ધાળુ લાપત્તા

## સત્તાવાર રીતે લાપત્તા લોકોની સંખ્યા ૪,૦૦૦ જ્યારે એનજીઓ લાપત્તાઓની સંખ્યા ખૂબ મોટી મૂકી રહ્યા છે

દહેરાદૂન,તા. ૧૦

ઉત્તરાખંડમાં હિમાલિયન સુનાવણી બાદ બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ઘણા વિસ્તારોમાં ચાલી રહી છે પરંતુ લાપત્તા લોકોની સંખ્યા અંગે નવા નવા આંકડા મળી રહ્યા છે. હવે એવુંજાણવા મળ્યું છે કે લાપત્તા લોકોની સંખ્યા ૧૧૬૦૦ જેટલી દર્શાવવામાં આવી છે. ગયા મહિના બાદથી ઉત્તરાખંડમાં લાપત્તા થયેલા લોકોની સંખ્યા અંગે વિરોધાભાષી આંકડા આવી રહ્યા છે. કેટલાક અહેવાલમાં જણાવવામાં આવી રહ્યું હતું કે લાપત્તાઓની સંખ્યા ૪૦૦૦થી વધારે છે. જુદા જુદા રાજ્યો દ્વારા નોંધાવામાં આવેલી એફઆઈઆરના આધાર ઉપર આંકડાઓ આવી રહ્યા છે. હવે નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના વાઈસ ચેરમેન એમ શશીધર રેડ્ડીએ જણાવ્યું છે કે લાપત્તા લોકોની સંખ્યા સતત વધી રહી છે. તેમણે કહ્યું છે કે સરકારી આંકડા મુજબ લાપત્તા લોકોની સંખ્યા ૪૦૦૦ જેટલી છે. કેટલાક એનજીઓ લાપત્તા લોકોની સંખ્યા ૧૧૬૦૦ આંકી રહ્યા છે. ઉત્તરાખંડ સરકાર જુદા જુદા રાજ્યો દ્વારા નોંધાવામાં આવેલી એફઆઈઆર મુંજબ આગળ વધી રહી છે. ૧૧૬૦૦નો આંકડો સાચો હોઈ શકે છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા એનજીઓ દ્વારા આ અંદાજ મૂકવામાં આવ્યો છે. રેડ્ડીએ કહ્યું છે કે આશરે ૧.૧૦ લાખ લોકો કુદરતી હોનારત બાદ અટવાઈ પડ્યા હતા. તાજેતરમાં ભારે વરસાદ થઈ રહ્યો છે જેથી ઘણી અડચણો આવી રહી છે. બચાવ કામગીરીમાં માનવ રહિત વાહનોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. રોગચાળાને રોક્વા માટેના પ્રયાસો પણ થઈ રહ્યા છે.

### સપ્ટેમ્બર સુધી કેદારનાથ માર્ગોનું સમારકામ કરાશે

ઉત્તરાખંડમાં કુદરતી હોનારત બાદ ચાર ધામની યાત્રા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે. કેદારનાથમાં વ્યાપક નુકસાન થયું છે. હવે એવું જાણવા મળી રહ્યું છે કે કેદારનાથ ધાર્મિક સ્થળને જોડતા માર્ગોને સપ્ટેમ્બર સુધી ફરી શરૂ કરી દેવામાં આવશે.

આના માટે તંત્ર દ્વારા તમામ પગલાં લેવામાં આવી રહ્યા છે. ઉત્તરાખંડના ઘણા ભાગોમાં પૂરના એક મહિના બાદ સ્થિતિ સામાન્ય બનાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. દેશના બાકીના ભાગથી ઉત્તરાખંડને યોગ્ય રીતે જોડવાના પ્રયાસ ચાલી રહ્યા છે. તમામ માર્ગોને ટૂંકમાં જ પુનઃ સ્થાપિત કરી લેવામાં આવશે. માર્ગ પરિવહન પ્રધાન ઓસ્કાર ફર્નાન્ડીસે કહ્યું છે કે સપ્ટેમ્બર સુધી માર્ગો વ્યવસ્થિત કરાશે.

## ઈશરત આતંકવાદી છે કે નહી તે વિશે હું કંઈ જાણતો નથી : શિંદે

નવીદિલ્હી, તા. ૧૦

તેમણે પૂછાયેલા એક પ્રશ્ન સંદર્ભે ટીપ્પણી કરતા જણાવ્યું હતું કે, ઈશરત પોતે આતંકવાદી છે કે નહીં તે અંગે તેમને પોતાને કોઈપણ પ્રકારનો ખ્યાલ નથી. તેમણે આ કેસના દોષીને યોગ્ય સજા મળશે તેવી હૈયાધારણા આપી હતી. વધુમાં ઈશરત કેસમાં આઈબી અને સીબીઆઈનો મુદ્દો ખૂબ જ સંવેદનશીલ હોવાનો મત વ્યક્ત કર્યો હતો.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે,આ કેસમાં કોઈ ગુનેગાર સાબિત થતાં હોય તેવા સંદર્ભે કોઈનો પણ પક્ષ કરવો તે યથાયોગ્ય નથી. તેમણે સીબીઆઈ દ્વારા ઈશરત જહાં નકલી એન્કાઉન્ટર કેસ સંદર્ભે ફાઈલ કરેલી ચાર્જશીટમાં તમામ આરોપીઓ પર યોગ્ય ચાર્જ લગાડવામાં આવ્યા હોવાની વાતને સમર્થન આપ્યું હતું. અને સીબીઆઈ દ્વારા યોગ્ય ચાર્જશીટ ફાઈલ કરાઈ હોવાનો મત પણ વ્યક્ત કર્યો હતો.

સાથે સાથે દોષીઓને યોગ્ય સજા થવી જોઈએ અને આ કેસનું સત્ય બહાર આવવું જોઈએ તે મુદ્દે પત્રકારોને જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે સીબીઆઈ દ્વારા હાલમાં ફાઈલ કરાયેલ ચાર્જશીટ મુજબ ઈશરત જહાં એન્કાઉન્ટરએ ગુજરાત પોલીસ તથા આઈબીની મલીભગત છે.

નોંધનીય છે કે ઈશરત જહાં નકલી એન્કાઉન્ટર કેસના આરોપી નરેન્દ્ર અમીનની જામીન અરજી સીબીઆઈ કોર્ટે એક દિવસ અગાઉ જ ફગાવી દીધી હતી. અમીને આ એન્કાઉન્ટરમાં કરાયેલી ચાર્જશીટ અધૂરી છે તે મુદ્દો ઉપસ્થીત કરીને સીબીઆઈ કોર્ટમાં ડિફોલ્ટ જામીન મેળવવા માટે અરજી કરી હતી. પરંતુ કોર્ટે નરેન્દ્ર અમીનની ધરપકડ થયાના ૯૦ દિવસ ન થયા હોવાના કારણે તેઓને ડિફોલ્ટનો લાભ ન આપી શકાય તેમ નોંધ્યું હતું.

કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે, નરેન્દ્ર અમીન ડિફોલ્ટ માટે એપ્લીકેબલ બને તે પહેલા જ સીબીઆઈ દ્વારા ચાર્જશીટ ફાઈલ કરવામાં આવ્યું હતું. ઈશરત કેસમાં સીબીઆઈએ થોડા દિવસ અગાઉ આઈબીના વડા રાજેન્દ્રકુમારની પણ દિલ્હી ખાતે પૂછપરછ કરી હતી.

## ચીનને તેની ભાષામાં જવાબ આપવા ભાજપની ઉગ્ર માંગ

નવી દિલ્હી, તા.૧૦

ચીની સેના દ્વારા ફરી એકવાર ભારતીય સરહદમાં ઘુસણખોરીથી તંગદીલીનો માહોલ ઊભો થયો છે. ચીની સૈનિકોએ લેહ-લદાખના ચુમાર વિસ્તારમાં ઘુસીને ભારતીય સેનાએ લગાવેલા સિક્યોરિટી કેમેરા તોડી નાખ્યા હતા. આ બનાવને લઈને ભાજપના વરિષ્ઠ નેતા યશવંત સિન્હાએ ગુસ્સો વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ચીન મિત્ર દેશને અસંતુલિત કરવા માંગે છે. જેથી તેમને તેમની ભાષામાં જવાબ આપવો જોઈએ. બીજી તરફ જમ્મુ-કાશ્મીરના મુખ્યપ્રધાન ઓમાર અબદુલ્લાએ પણ રોષ વ્યક્ત કરતા કહ્યું કે ચીન દ્વારા આ પ્રકારની ઘટના વારંવાર થતી રહે છે. કારણ કે ભારત દ્વારા અંકુશ રેખા હજુ સુધી નક્કી થઈ શકી નથી. રાજકીય ઉકેલ આવે તેવા પ્રયત્નો કરવા જોઈએ. ભારતીય સરહદમાં ઘુષણખોરી કરીને સ્થાનિક લોકોને હિન્દી ભાષામાં ચેતવણી આપી હતી. તેમજ ભારતીય ચોકીમાં તોડફોડ કરી હતી. ઉલ્લેખનીય છે કે છેલ્લા ત્રણ મહિનામાં ચીનીઓએ બીજી વખત ઘુષણખોરી કરીને અવળચંડાઈ કરી રહ્યું છે. કેન્દ્રીય ગૃહપ્રધાન આર.પી.એન. સિંહએ આ મુદ્દાને મંત્રણા દ્વારા ઉકેલ લાવવાની આશા વ્યક્ત કરી હતી. આ અગાઉ વર્ષ ૧૯૬૨માં ચીને સરહદ વિવાદને લઈને ભારત પર હુમલો કર્યો હતો. ત્યારબાદ બંને દેશો વચ્ચે તંગદીલીનું વાતાવરણ ઉભું થયું હતું. ચીન આજે પણ પોતાની અઢી હજાર જૂની સરહદને માને છે. ૧૯૬૨ના યુદ્ધ દરમિયાન ભારતીય વિસ્તાર અકસાઈ ચીનના કેટલાક ભાગને પચાવી પાડ્યો હતો. યુદ્ધના ૫૦ વર્ષ બાદ પણ આ સમસ્યાનો અંત આવ્યો નથી.

## અપરાધી ઠેરવવાના મામલામાં સાંસદ અને ધારાસભ્યોને ગેરલાયક જાહેર કરાશે : સુપ્રીમ

નવી દિલ્હી, તા.૧૦

સુપ્રીમ કોર્ટે આજે રાજકારણના અપરાધિકરણને રોકવાની દિશામાં એક ઐતિહાસિક નિર્ણય લીધો હતો. કોર્ટે ચુકાદામાં જણાવ્યું હતુ કે જે સાંસદ અને ધારાસભ્યો અપરાધિક મામલાઓમાં દોષિત જાહેર કરવામાં આવશે તે સાંસદો અને ધારાસભ્યોને તે જ દિવસથી ગેરલાયક જાહેર કરવામાં આવશે. જે દિવસે તેમને દોષિત જાહેર કરવામાં આવશે તે જ દિવસથી સાંસદ અને ધારાસભ્યોને ગેરલાયકતરીકે ગણવામાં આવશે. સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં એમ પણ જણાવ્યું છે કે સાંસદો અને ધારાસભ્યોને આ મામલામાં અપીલ કરવા માટે ત્રણ મહિનાનો સમય પણ મળશે નહીં. આ જોગવાઈ એવા મામલાઓ માટે કરવામાં આવી છે જે મામલાઓમાં સાંસદ અથવા ધારાસભ્યો અથવા તો અન્ય કોઈ જનપ્રતિનિધિને બે વર્ષથી વધુની સજા ફટકારવામાં આવશે. આ ચુકાદો તાત્કાલિક ધોરણે અમલી બનાવી દેવામાં આવ્યો છે. અલબત્ત સુપ્રીમ કોર્ટનો આ આદેશ આ જ બાદ સામે આવનાર દોષી સાંસદો અને ધારાસભ્યો સાથે સંકળાયેલા મામલાઓમાં લાગુ કરવામાં આવશે. જે સાંસદો અને ધારાસભ્યોએ કોર્ટમાં અપીલ કરેલી છે તેમના પર આ ચૂકાદો લાગુ થશે નહીં. પહેલા કાયદા મુજબ કોઈ પણ સાંસદ અથવા ધારાસભ્યોને સજા મળે છે તો તેને સજાની સામે અપીલ કરવા માટે ત્રણ મહિનાની મહેતલ આપવામાં આવતી હતી અને આ ગાળા સુધી સાંસદ અથવા ધારાસભ્યને ગેરલાયક જાહેર કરવામાં આવતા ન હતા. જ્યાં સુધી સુપ્રીમ કોર્ટ તેના પર પોતાનો અંતિમ ચુકાદો ન આપે અથવા તો તેની અવધિ પૂરી ન થાય ત્યાં સુધી સભ્યપદ યોગ્યરીતે રહેતુ હતુ. જનપ્રતિનિધિ કાયદાની કલમ આઠ(ચાર) હેઠળ ધારાસભ્યો અને સાંસદોને આવી રાહત મળતી હતી પરંતુ કોર્ટે હવે આ ધારાને દૂર કરવાનો નિર્ણય કર્યો છે. હજુ સુધીના કાયદા મુજબ જો કોઈ પણ સાંસદ અથવા ધારાસભ્યને સજા મળે છે તો તે ધારાસભ્ય અને સાંસદને ચૂકાદાની સામે અપીલ કરવા માટે ત્રણ મહિનાનો સમય આપવામાં આવે છે અને એ ગાળા સુધી સભ્યને ગેરલાયક જાહેર કરવામાં આવતા નથી. એક જાહેર હીતની અરજીમાં માંગ કરવામાં આવી છે કે જો કોઈ સાંસદ અથવા ધારાસભ્યને કોઈ અદાલતથી સજા મળે છે તો તેના સભ્યપદને તાત્કાલિકરીતે રદ કરાવામાં આવે તે જરૂરી છે. કોર્ટે અરજીદારની માંગ સાથે સહમતિ દર્શાવીને આ અંગેનો ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. આની ખૂબ દૂરગામી અસર થવાની શક્યતા છે. પિપલ્સ એક્ટની જોગવાઈમાં સુધારા કરવામાં આવ્યા છે. તેના સેક્રેટરી એનએન શુક્લા મારફતે એનજીઓ લોકપ્રહરી અને લીલીથોમસ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના આધાર પર સુપ્રીમ કોર્ટે આ ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો.

## સમાચાર ઝલક

- દિલ્હી-મુંબઇ-ગુજરાત આતંકવાદીઓનાં હિટલીસ્ટમાં.
- ધૂમપાન કરનાર પુરૂષોને ઓરલ કેન્સરનો ભય વધુ.
- ડીસામાં રીજમેન્ટ રોડ ઉપર બનતા કોલ્ડ સ્ટોરેજ સામે રોષ.
- એસિડ એટેક રોકવા સહકાર ગંભીર નથી, સુપ્રીમની ટકોર.
- રૂપિયાને અંકુશમાં લેવા માટે મર્યાદિત વિકલ્પ છે.
- અશ્લીલતા કેસમાં મલ્લિકા શેરાવત સામે વોરેન્ટ વડોદરાની કોર્ટ જારી કર્યું.
- છૂટાછેડાના અરજદાર તરીકે મહિલાઓની સંખ્યામાં વધારો થયો.
- ઉત્તરાખંડ-હિમાચલપ્રદેશમાં ભારે વર્ષા. આસામ, પં.બંગાળ પુર.
- એસ્પરીનની દવાની અસર તમામમાં સરખી થતી નથી.
- ઔરંગાબાદમાં સરકારી એન્જીનીયરીંગ કોલેજોની વિદ્યાર્થીનીઓએ હવાના દબાણથી ૩૦ કિ.મી. પ્રતિ કલાકે દોડી શકે તેવી સાયકલ બનાવી.
- અમદાવાદમાં નકલી આધારકાર્ડ બનાવવાનાં કૌભાંડનો પર્દાફાશ.
- રાજયની ૮૦૦૦ મેડીકલ બેઠકો ઉપર પ્રવેશ અપાશે.
- ૩૧૦૯ કેદીઓએ ઓપન યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવ્યો.
- નકસલખોરોએ કુરકુરેને હંફાવ્યું, ચુલહુલ, કરકરે, ટકટકે જેવા સરખા નામવાળી પ્રોડ્કટ બજારમાં.
- કરાંચીમાં લોહીલુહાણ, આખો દિવસ લાશો ઢળી, પોલીસ અને ૭ રાજકીય કાર્યકરો સહિત ૧૬નાં મોત, ટ્રેન ઊંધી વળી જતાં ૧૩નાં મોત.
- સદ્દામ હુસેનનાં ભાઇને કેન્સરના લીધે મોત.
- કેરળમાં સોલાર પેનલ કૌભાંડ, ઉગ્ર વિરોધ.
- બાળકો ગુમ થવાના મામલે મહારાષ્ટ્ર દેશમાં પ્રથમ.
- રાજીવ ગાંધીના જન્મદિન ૨૦મી ઓગસ્ટથી ખાદ્યાન્ન સુરક્ષા કાયદો અમલી બનશે.
- તા.૧૧, ૧૪, ૧૫ જુલાઇએ લગ્નના મુર્હૂત, ત્યાર પછી લગ્નોત્સવ ૧૮મી નવેમ્બરથી.
- આરબ મુસ્લિમોએ ૪ એકર જમીન દાનમાં આવી, અબુ ધામીમાં બનાશે, ભવ્ય સ્વામીનારાયણ મંદિર.
- આજે કચ્છી નૂતનવર્ષ - અષાઢી બીજ કચ્છીભાઇઓને મુખ્યમંત્રીના અભિનંદન.
- કે.બી.સી.ની નવી સીઝનમાં માત્ર છત્રીસ એપીસોડ, ફોરમેટમાં પણ ફેરફાર.
- દિલ્હી પોલીસના પો.સ.ઇ.ની પુત્રી પર જ દુષ્કર્મ.
- આફ્રિકાની ગોલ્ડ ઇન્ડસ્ટ્રીઝને મરણતોલ ફટકો.
- સૂરત નજીક સીંગણવોર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ત્રણનાં મોત, એક ગંભીર.

## લોકસભાની ચૂંટણી પછી નીતિશ એનડીએમાં જોડાય તેવી શક્યતા

પટના, તા. ૧૦

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને બીજેપીના ચૂંટણી પ્રચાર સમિતિના પ્રમુખ તરીકે નિમાયા બાદ ભાજપ સાથેનો પોતાનો સંબંધ તોડનાર બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર લોકસભાની ચૂંટણી પછી ફરીથી એનડીએમાં જોડાશે તેવો દાવો આરજેડીના વરિષ્ઠ નેતા અબ્દુલબરી સિદ્દીકીએ આજે કર્યો હતો. તેમણે નીતિશકુમાર પર ટીપ્પણી કરતા જણાવ્યું હતું કે, હાલમાં લોકસભાની ચૂંટણી નજીક હોઈ મુસ્લિમોના મત મેળવવા માટે થઈને નીતિશે બીજેપી સાથે છેડો ફાડી નાખ્યો છે.

સિદ્દીકીએ આ વિશે વધુમાં જણાવતા કહ્યું હતું કે, આરજેડી અને બીજેપીની વિચારધારા તદ્દન અલગ અલગ છે.તેમણે આ ટીપ્પણી બીજેપી અને આરજેડી બિહારમાં હવે એક થઈ રહ્યા હોવાના નીતિશના દાવા બાદ કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે નીતિશે એનડીએમાં પરત ફરવાની ના પાડી નથી.કારણ કે તેમને બીજેપીથી કોઈપણ જાતની દૂશ્મનાવટ નથી પરંતુ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સાથે તેમને વેર છે આરજેડીના વરિષ્ઠ નેતા અબ્દુલ સિદ્દીકી બરીએ કહ્યું હતું કે, છેલ્લા ૨૦ વર્ષથી આરએસએસની વિચારધારા પર ચાલી રહેલા નીતિશકુમાર હાલમાં લઘુમતી કોમના મત મેળવવા માટે જુદા જુદા પ્રકારના નાટકો કરી રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે નીતિશ તેની નવી પોલીસી દ્વારા મુસ્લિમોને છેતરી શકશે નહી.તેઓ પોતાની પાર્ટીનો પ્રચાર વધુ મજબૂત બનાવવા આરજેડીની નકલ કરી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે નીતિશકુમારે મંગળવારે ટીપ્પણી કરતા જણાવ્યું કે તેમના એક જ



પગલાના લીધે તમામ લોકો 'એક્સપોઝ' થઈ ગયા છે. સિદ્દીકીએ વધુમાં જણાવ્યું હતુ કે અમે અમાર લક્ષ્ય પર અડગ રહીશું અને અમે અમારા સિદ્ધાંતો પ્રમાણે કામ કરીશું. અને તેના માટે જે પણ બલિદાન આપવું પડશે તે પણ અમે આપવા તૈયાર છીએ.

નીતિશકુમારે જણાવ્યું હતું કે, બીજેપી અને જેડીયુનું ગઠબંધન કેટલીક શરતો સાથે થયું હતું.અને જેમાં કેટલાક વિવાદાસ્પદ મુદ્દાઓ તથા વ્યક્તિઓને તદ્દન અલગ રાખવાની એક શરત હતી. બીજેપીના વરિષ્ઠ નેતા અરૂણ જેટલીએ એનડીએ અને જેડીયુ અલગ થવા અંગે અપ્રસન્નતા દાખવતા જણાવ્યું હતું કે, બીજેપી જેડીયુ સાથે ગઠબંધન જાળવી રાખવાના પક્ષમાં હતું. અરૂણ જેટલીએ જણાવ્યું હતું કે, બીજેપીએ ૧૫ વર્ષની મહેનત પછી બિહારમાં આરજેડીના જંગલ રાજનો અંત આણ્યો હતો અને ગઠબંધનમાં ફેરફાર થતા બીજેપીએ વિધાનસભા ચૂંટણી એકલા હાથે લડવાની રહેશે.

**ચાર શખસોને પૂછપરછ બાદ છોડી દેવાયા**

## બોધગયા બ્લાસ્ટમાં એનઆઈએને હજુ કોઈ મોટી સફળતા મળી નથી

### કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને સુશીલકુમાર સિંદે પણ બોધગયા પહોંચ્યા

બોધગયા,તા. ૧૦

બિહારના બોધગયામાં મહાબોધી મંદિર સંકુલમાં શ્રેણીબદ્ધ બોમ્બ બ્લાસ્ટ થયાના ત્રણ દિવસ બાદ પણ તપાસકારો કોઈ નક્કર કડી મેળવી શક્યા નથી. તપોસકારો હજુ અંધારામાં આગળ વધી રહ્યા છે. બ્લાસ્ટ કેસમાં કોઈ ઉલ્લેખનીય સફળતા મળી નથી. પૂછપરછના આધાર ઉપર ચાર શકમંદોને છોડી મૂકવામાં આવ્યા છે. શંકાના આધાર ઉપર આ ચાર લોકોની ગઈકાલે ધરપકડ કરવામાં આવી હતી. બ્લાસ્ટ કેસના સંબંધમાં તેમની પૂછપરછ કરવામાં આવી હતી. ત્રણ પુરુષો અને એક મહિલા સહિત ચાલ લોકોને હોટલમાં પકડી પાડવામાં આવ્યા હતા. આ હોટલ મહાબોધી મંદિરની નજીક આવેલી છે. આ લોકો સવારે ચાર વાગ્યાથી ૬.૩૦ વાગ્યાના ગાળામાં રોકાયા હતા. મહાબોધી મંદિરમાં પણ બ્લાસ્ટ ૫.૩૦ વાગ્યાની આસપાસ જ થયા હતા.

ચાર લોકોની ઓળખ પણ કરવામાં આવી છે. દરમિયાન કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને કેન્દ્રીય ગૃહપ્રધાન સુશીલકુમાર સિંદે આજે સવારે હેરિટેજ સ્થળ ઉપર પહોંચ્યા હતા. ભાજપ પ્રમુખ રાજનાથસિંહ અને અન્ય નેતાઓ મંદિરમાં પહોંચી જઈને પરિસ્થિતિની સમીક્ષા કરી ચૂક્યા છે. ભાજપના નેતાઓની યાત્રા બાદ આજે કોંગ્રેસના નેતાઓ પણ પહોંચ્યા હતા. સોનિયા ગાંધી અને સુશીલકુમાર સિંદેએ પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. બોધગયા મંદિર યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે છે. અહીં ભગવાન બુદ્ધએ જ્ઞાન મેળવ્યું હતું. પડોશી નેપાળમાં જન્મ્યા બાદ ભગવાન બુદ્ધ અહીં આવ્યા હતા. અહીં જાપાન, કોરિયા, શ્રીલંકા, નેપાળ સહિતના દેશના શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં પહોંચે છે.

## કોલસા કાંડમાં સરકારના વલણથી સુપ્રીમ લાલઘૂમ

નવી દિલ્હી, તા.૧૦

સુપ્રીમ કોર્ટે આજે કોલગેટ કૌભાંડના મામલામાં જવાબ આપવામાં નિષ્ફળતા બદલ સરકારની જોરદાર ઝાટકણી કાઢી હતી સાથે સાથે તમામ ૩૬ સ્થાયી સમિતિઓની મિટિંગોમાં રેકોર્ડ રજુ કરવા કેન્દ્ર સરકારને આદેશ કર્યો હતો. કોલસા બ્લોકની ફાળવણીમાં ગેરરીતિના મામલે યોગ્ય જવાબ નહીં આપવા બદલ સુપ્રીમ કોર્ટે લાલઆંખ કરી હતી. સુપ્રીમ કોર્ટે કોલસા બ્લોક ફાળવણીના સંબંધમાં કેવા પ્રકારની પદ્ધતિ અપનાવવામાં આવી હતી તે સંબંધમાં માહિતી આપવાનો પણ આદેશ કર્યો હતો. સુપ્રીમ કોર્ટના આજના તારણને કેન્દ્ર સરકાર માટે લાલબત્તી સમાન ગણવામાં આવે છે કારણકે સરકારને ખૂબજ વિગતવાર રીતે સુપ્રીમ સમક્ષ માહિતી રજુ કરવી પડશે. સીબીઆઈએ કોલસા કૌભાંડના સંબધમાં સુપ્રીમ કોર્ટ સમક્ષ સ્ટેટસ રિપોર્ટ મંગળવારે રજુ કર્યો હતો. સરકારની ટિકા કરતા સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે સીબીઆઈ કોલસા બ્લોકની ફાળવણી અંગે સ્થાયી સમિતિ દ્વારા લેવામાં આવેલા નિર્ણય અંગે દસ્તાવેજો નહીં હોવાના પરિણામે તપાસમાં મુશ્કેલી અનુભવી રહી છે.

સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે કોલસા બ્લોક ફાળવણી કૌભાંડમાં સ્થાયી સમિતિ દ્વારા લેવામાં આવેલા નિર્ણયોમાં ઘણી બધી ખામીઓ દેખાઈ રહી છે. સીબીઆઈના નવેસરના સ્ટેટસ રિપોર્ટ બાદ સુપ્રીમ કોર્ટે ઘણા બધા પ્રશ્નો ઉઠાવ્યા હતા. સુપ્રીમ કોર્ટે ૧૬૪ કોલસા બ્લોકની ફાળવણીને યોગ્ય ઠેરવી ચાર સપ્તાહમાં તમામ સંબંધિત દસ્તાવેજો સાથે યોગ્ય કાઉન્ટર એફિડેવિટ રજુ કરવા કેન્દ્રને આદેશ કર્યો હતો. ૧૬મી જુલાઈ સુધી સીબીઆઈના અભિપ્રાય પણ માંગ્યા છે. તપાસ સંસ્થાની સ્વાયતતાના મામલામાં સરકાર દ્વારા લેવામાં આવેલા પગલા અંગે સીબીઆઈના મત માંગવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટે આજે કોલસા કૌભાંડ મામલામાં ગંભીર નોંધ લીધી હતી.

## બીપીએલના કાર્ડધારકોને એક રૂપિયાના ભાવે ચોખા

બેંગ્લોર, તા.૧૦

કર્ણાટક સરકારે બીપીએલ કાર્ડ ધારકો માટે કિલોદીઠ એક રૂપિયાના ભાવે ચોખાની સ્કીમ શરૂ કરી છે. આ સ્કીમથી મોટી સંખ્યામાં બીપીએલ કાર્ડ ધારકોને સીધીરીતે ફાયદો થશે. ગરીબી રેખાનીચેના પરિવારો માટે આ સ્કીમ શરૂ કરવામાં આવી છે. આ સ્કીમ હેઠળ દરેક બીપીએલ પરિવારને દરમહિને એક રૂપિયા પ્રતિકિલોના ભાવે ૩૦ કિલો ચોખા ઉપલબ્ધ કરાવવામાં આવશે. મુખ્યમંત્રી સિદારમૈયા દ્વારા આ સ્કીમ શરૂ કરવામાં આવી છે. આજે યોજાયેલા એક કાર્યક્રમમાં આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી સાથે સાથે વિતરણની શરૂઆત પણ કરવામાં આવી હતી. મુખ્યમંત્રીએ આ સ્કીમ લોન્ચ કરતી વેળા કહ્યુ હતુકે અમારો મુખ્યહેતુ કર્ણાટકને ભૂખમરાથી મુક્ત કરાવવાનો છે. સરકાર આ કાર્યક્રમ માટે વાર્ષિકરીતે ૪૩૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરશે.

## ધારી દેવી મંદિરની તિરાડોની તપાસ તજજ્ઞો દ્વારા કરવામાં આવશે

શ્રીનગર, તા. ૧૦

ધારી દેવી મંદિરના પરિસરમાં પડેલી તિરાડો તપાસ તજજ્ઞો દ્વારા કરવામાં આવશે. નોંધનીય છે કે, ઉત્તરાખંડમાં આવેલા પુરને કારણે મંદિરમાં તિરાડો પડી ગઈ હતી અને થોડા દિવસો અગાઉ આ તિરાડો ધીરે-ધીરે વિકસતી જણાતાં સરકારી તંત્રએ મંદિરની મુલાકાત લીધી હતી.



નોંધનીય છે કે, શ્રીનગરના એસડીએમએ તાજેતરમાં જ ધારીદેવી મંદિરની મુલાકાત કરી હતી અને પુર બાદ પડેલી તિરાડોની યોગ્ય ચકાસણી કરવા માટે એક તપાસ સમિતિ રચવાનો નિર્ણય કર્યો હતો. ૧૬-૧૭ જૂને આવેલા ઉત્તરાખંડમાં આવેલા પૂરે ઘણા લોકોની જાન લીધી હતી અને ભારે તબાહી સર્જી હતી. તપાસ સમિતિમાં તજજ્ઞોનો સમાવેશ કરવામાં આવશે. લોકોમાં ફેલાયેલાં ભય અને ન્યૂઝ પેપરોમાં આવેલા સમાચારો બાદ વિશેષ સમિતિની રચના કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ તપાસ માટે વિશેષજ્ઞોને બોલાવી મંદિર પરિસરની તપાસ કરાશે.

બીજી બાજુ બીજેપીના પ્રદેશ અધ્યક્ષ તીરજ સિંહ રાવતે ધારી મંદિરમાં પડેલી તિરાડો અંગે પોતાનો મત જણાવતાં કહ્યું હતું કે, મંદિરમાં પડેલી તિરાડો બાબતે સરકારે યોગ્ય ધ્યાન આપવું જોઈએ અને વધુ નુકસાન ન થાય તેની તકેદારી રાખવી જોઈએ. તેમણે કહ્યું હતું કે આ મંદિર ખૂબ જ પવિત્ર છે અને હિન્દુ ધર્મના લોકોની આસ્થાનું પ્રતિક છે. તેમણે સરકારને આ અંગે યોગ્ય પગલાં લેવા માટે પણ અપીલ કરી હતી.

નોંધનીય છે કે કેદારનાથ મંદિરનું ફરીથી નિર્માણ કરવા માટે ત્રણ વર્ષનો સમય જરૂરી છે. જ્યાં સુધી આ મંદિરનું નિર્માણ નહીં થાય ત્યાં સુધી શિર ડોલેશ્વર મહાદેવ મંદિર ખાતે પરંપરાગત રીતે પૂજા કરવામાં આવશે. શનિવારે શરૂ કરાયેલી પૂજાનો તમામ ખર્ચ નેપાળ સરકાર દ્વારા કરવામાં આવ્યો હતો. બસ્કોટાએ વધુમાં જણાવ્યું હતું કે નેપાળ સરકાર મંદિરને જોઈતી તમામ સુવિધા પૂરી પાડશે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ પવિત્ર મંદિરને કેદારનાથનાં મંદિર તરીકે પૂજન કરવા માટેનાં આદેશ આવ્યા બાદ નેપાળ સરકારે મંદિર સમિતિને મંદિરની પવિત્રતા જાળવવા તથા મંદિરનાં માર્ગમાં જરૂરી સુધારા વધારા કરવા માટેનું સુચન કર્યું છે.